"ગુરુ ગૃહ ગયે પઢન રઘુરાઈ અલ્પકાલ વિદ્યા સબ આઈ" : માનસ - આચાર્ય રામકથાનો મંગલ પ્રારંભ

# મુનીનું મૌન અને ઋષિની વાણી હોય તે શિક્ષક: મોરારિબાપુ

## અખિલ ભારતીય પ્રાથમિક શિક્ષક સંઘનું ૨૯ મું સંમેલન સંપન્ન : સમાજમાંથી પશુતા હટે અને માનવતા જાગૃત થાય તે શિક્ષકનું મહત્વનું લક્ષણ





### રામકથાની સાથેસાથે...,

★ કથાના યજમાન શિક્ષક સંઘ ઉપરાંત નિજાનંદ ગૃપના શ્રી ડાહ્યાભાઈ ભરવાડ અને હિરાભાઈ ભરવાડે સુદંર આયોજન કરેલ છે.

★આજની કથામાં સંતો પૂ. ઘનશ્યામ પુરી બાપુ થરા ,પુ. રાજેન્દ્રદાસ બાપુ -તોરણીયા, ૧૦૦૮ પુ. નિર્મળાબા- પાળીયાદ પૂ. ભયલુબાપુ- પાળીયાદ ,ભારતીબાપુ અને અન્ય સંત ગણોની ઉપસ્થિતિમાં કથાનું દીપ પ્રજનન કરીને મંગલાચરણ કરવામાં આવ્યું

★પુ.ઘનશ્યામપુરી બાપુએ તથા પૂર્વ શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ પ્રાસંગિક ઉદબોધન કર્યુ હતું

★ બાલ યજમાન શ્રી કિશન ભરવાડ સૌને આવકાર્યા હતાં

★કેન્દ્રીયમંત્રી શ્રી પુરષોત્તમ રૂપાલાનું અમરેલીના શિક્ષક સંઘના પ્રમુખ શ્રી મહેન્દ્રસિંહ વિછિયાના નેતૃત્વમાં માલધારી વેશભૂષા અને પાઘડીથી સ્વાગત અભિવાદન કરવામાં આવ્યું.

ગાંધીનગર, તા.૧૩

અખિલ ભારતીય શિક્ષક પરિષદનું ૨૯ મું અધિવેશન આજે સવારે ૧૩ને શુક્રવારના રોજ સંપન્ન થયું. આ સંમેલનને ઉદબોધિત કરતા શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ જણાવ્યું કે શિક્ષકો રાષ્ટ્ર નિર્માણના પાયાના પથ્થર છે સિનિયર ઉપપ્રમુખશ્રી રામચંદ્ર ડબાસે શિક્ષણમાં ખાનગીકરણ તથા ઘટતાં જતાં શિક્ષણ બજેટ માટે ચિંતા પ્રગટ કરી હતી. ગુજરાત એકમના પ્રમુખ અને રાષ્ટ્રના કાર્યકારી અધ્યક્ષ શ્રી દિગ્વિજયસિંહ જાડેજાએ આ વિશાળ આયોજનને મુર્તરૂપ આપવા અને સફળ બનાવવા સૌના સહયોગને આવકાર્યો હતો.

પૂ. મોરારિબાપુએ અધિવેશનના સમાપન સંમેલનમાં આર્શીવચન આપતાં કહ્યું હતું કે સમાજમાંથી પશુતા હટે અને માનવતા જાગૃત થાય તે શિક્ષકનું મહત્વનું લક્ષણ છે. પ્રાથમિક શાળામાં ધોરણ એક થી સાતનું શિક્ષણ હોય છે એ જ રીતે હું શિક્ષક હતો અને હવે રામચરિત માનસના માધ્યમથી સાત સોપાનો લઈને જગતમાં ફરતો રહું છું.વ્યકિતના જીવનના ત્રણ પ્રકાર છે વિષય, સાધક અને સિદ્ધ. એમ શિક્ષકના પણ ચાર ગુણોની આવશ્યકતા રહે છે. બપોર બાદ માલધારી સમાજના શ્રી ડાહ્યાભાઈ ભરવાડ અને શ્રી હિરાભાઈ ભરવાડના યજમાનપદે આરંભાયેલી "માનસ -આચાર્ય" નવદિવસિય રામચરિત માનસ કથામાં પોતાની વાણીને પ્રવાહિત કરતાં પુ. બાપુએ જણાવ્યું કે આ કથા શિક્ષક તરીકે મારાં એક પરિવારની કથા ગણીને આજે આપ સૌની વચ્ચે સંવાદ કરવા માટે ઉપસ્થિત થયો છું.જો કે સાધુ કોઈના પક્ષધર હોતાં નથી.આ કથાનો મારા મનના સંકલ્પ હતો જે પુરો થયો.શિક્ષકના ગુણોમાં મુનિનું મૌન અને ઋષિની વાણી હોય તે ખરા અર્થમાં શિક્ષક છે. સાધુની જિજ્ઞાસા જનકલ્યાણની જિજ્ઞાસા હોય છે. ફુલ વિધાય છે તેથી ગળાની શોભા બને છે.માતાના ગર્ભમાં જે રીતે માનવપીંડ બંધાય છે એ જ રીતે શિક્ષક પાસે પણ વિદ્યાર્થી લગભગ નવ માસ સુધી રહે છે અને તેનો પીંડ બંધાતો હોય છે.બાપુએ આજની કથાનું નામકરણ કરતા બાલકાંડના એક ચોપાઈને મધ્યવર્તી બનાવીને "ગુરુ ગૃહ ગયે પઢન રઘુરાઈ અલ્પકાલ વિદ્યા સબ આઈ" કથા શિર્ષક આપ્યું હતું.પ્રારંભમાં કેન્દ્રીય પશુપાલન મંત્રી શ્રી પુરુષોત્તમ રૂપાલાએ બાપુના વૈશ્વિક મંચ દ્વારા થઈ રહેલી મૂલ્ય અને જીવન ઘડતર ની પ્રવૃત્તિને બિરદાવી હતી.

પૂ. બાપુના કથાક્રમની આ ૯૧૭ મી કથા છે. જ્યારે ગાંધીનગરના આંગણે ગવાનારી આ ચોથી કથા છે. આ પૂર્વે ૫/૧/૧૯૮૨ના દિવસે બાપૂ દ્વારા "માનસ પારાયણ" રૂપે બાપુએ ગાંધીનગરમાં પ્રથમ વખત માનસ કથાનું ગાન કરેલું. ફૂલ કથાક્રમની એ ૨૫૩ મી કથા હતી. કથાક્રમની ૫૯૩મી કથા "માનસ રામરાજ્ય" ના વિષય પર ૧૭/૫ /૨૦૦૩ થી આયોજિત થઈ હતી. ગાંધીનગરની ત્રીજી કથા "માનસ રાજધર્મ" શિર્ષક અંતર્ગત ૬૯૭ મી કથા ૨૩/૪/૨૦૧૧ થી આરંભાઈ હતી. આ કથાનો ક્રમ ૯૧૭ મોં છે.બાર વર્ષના લાંબા અંતરાલ પછી ગાંધીનગર ખાતે પુ. બાપુ "આઝાદીકા અમૃત મહોત્સવ" ની થીમ પર રામચરિત માનસના આધારે કથાગાન કરે છે.

ભારતીય શિક્ષક પરિષદ ના ૨૯ માં અધિવેશનને સફળ બનાવવા માટે રાજ્ય એકમના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા ઉપરાંત મહામંત્રી શ્રી સતીષભાઈ પટેલ, શ્રી રણજીતસિંહ પરમાર,પુર્વ કોષાધ્યક્ષ શ્રી ભાભલુભાઈ વરુ, જયમીનભાઈ પટેલ,શ્રી કિરીટભાઈ પટેલ વગેરેએ ભવ્ય આયોજન કરીને મહત્વની સફળતા મેળવવા ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

# રાજ્યમાં ૧૫ શહેરોની ગરમીનો પારો ૪૦ ડીગ્રીને પાર

## પાટણમાં સૌથી વધુ ૪૫.૫ ડિગ્રી : આગામી ૨૪ કલાક તાપમાનની સ્થિતિ યથાવત રહેશે પોરબંદર, જુનાગઢ, અને દીવમાં હિટવેવની સ્થિતિ રહેશે

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં ગરમી ભૂકા કાઢી રહી છે. છેલ્લા એક સપ્તાહથી રાજ્યમાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે રાજ્યના ૧૫ શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે. રાજ્યમાં સૌથી વધુ ૪૫.૫ ડિગ્રી તાપમાન પાટણમાં નોંધાયું છે. તે ઉપરાંત અમદાવાદ, સુરેન્દ્રનગર, આણંદ, ગાંધીનગર, વડોદરા, ભુજ સહિતના શહેરોમાં પારો ઉચકાતા ભારે ગરમી અનુભવાઈ રહી છે. આવામાં હજુ આગામી દિવસોમાં ગરમીનો મારો સહન કરવો પડશે.

રાજ્યના ૧૫ શહેરોમાં ગરમી ૪૦ ડિગ્રીને પાર પહોંચ્યો છે. પાટણમાં સૌથી વધુ ૪૫.૫ ડિગ્રી તાપમાન નોંધાયું છે. અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં ૪૪.૪ ડિગ્રી તાપમાન, આણંદમાં ૪૩.૭ ગાંધીનગરમાં ૪૩.૫ ડિગ્રી, વડોદરા અને અમરેલીમાં ૪૩.૨ ડિગ્રી તાપમાન, રાજકોટમાં ૪૨.૯, ડીસામાં ૪૨.૮ ડિગ્રી તાપમાન, કેશોદમાં ૪૨.૭, ભૂજમાં ૪૨.૬ ડિગ્રી તાપમાન નોંધાયું છે.

છેલ્લા એક સપ્તાહતમા મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી ઉપર પહોચી ગયુ છે. હજી પણ કાળઝાળ ગરમી સહન કરવી પડશે. આ ઊનાળાની ઋતુમાં ગરમી શેર માર્કેટની જેમ ઉપર નીચે થઈ રહી છે. મે મહિનાની શરૂઆત માવઠાથી થઈ હતી તો છેલ્લા એક સપ્તાહમાં ૫ થી ૮ ડિગ્રી તાપમાનમાં વધારો થયો છે.

હવામાન વિભાગનું અનુમાન છે કે, રાજ્યમાં સુકા અને ગરમ પવન ફુકાઈ રહ્યા છે. મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી ઉપર પહોચ્યું છે. હજુ પણ આગામી ૨૪ કલાક તાપમાનની સ્થિતિ યથાવત રહેશે. પોરબંદર, જુનાગઢ, અને દીવમાં હિટવેવની સ્થિતિ રહેશે. એટલે દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ ગરમ પવન ફૂંકાશે. અમદાવાદ શહેરમાં પણ યેલો એલર્ટ રહેશે. અમદાવાદનું મહત્તમ મહત્તમ તામપાન ૪૧.૧ ડીગ્રી થી ૪૩ ડિગ્રી અસપાસ રહેવાનું અનુમાન છે. જોકે, પવનની દિશા બદલાશે. જેના કારણે ૪ ડિગ્રીમાં મહત્તમ તામપાન ૨થી ૩ ડિગ્રી ઘટી જશે.

# પુત્ર પાસ થતાં ખુશીમાં માતાનું હાર્ટએટેકથી મોત

## દુ:ખમાં નહીં ખુશીમાં મહિલાને એટેક આવ્યો : સીબીએસઈ ધો.૧૨માં ભણતા પુત્રના પરિણામનો ઈંતેજાર કરતી માતાને રિઝલ્ટ જાણ્યા બાદ એટેક આવ્યો

રાજકોટ, તા.૧૩

શહેરમાં વધુ એક હૃદય રોગના હુમલાના કારણે વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું હોવાનું બનાવ સામે આવ્યો છે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સીબીએસઈનું પરિણામ જાહેર થયું છે. જે અંતર્ગત રૂદ્રરાજસિંહ ઝાલા (ઉંમર વર્ષ ૧૮) પાસ થઈ જતા તેના માતા શિલ્પાબા ઝાલા (ઉંમર વર્ષ ૪૭)નું ખુશીમાં હાર્ટ એટેક આવ્યો હોવાનો બનાવ સામે આવ્યો છે. હાર્ટ એટેક બાદ માતાનું મોત નીપજતા આખા પરિવારમાં ગમગીની છવાઈ ગઈ છે.

રુદ્રરાજસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે, ૧૧ વાગ્યાની આસપાસ મેં સીબીએસઈ ધોરણ ૧૨ ની પરીક્ષાનું પરિણામ જોયું હતુ. જેમાં હું પાસ થયો હતો. મારે ૫૮% આવ્યા હોવાના સમાચાર મેં ઘરે હાજર રહેલા સભ્યોને સંભળાવ્યા હતા. જે સમયે મેં આ સમાચાર સંભળાવ્યા ત્યારે ઘરે હું તેમજ મારા માતા, દાદી અને નાની પણ હાજર હતા. મારા પરિણામને લઈ ઘણા સમયથી મારી માતા શિલ્પાબા ઝાલા રાહ જોતા હતા. દરમિયાન મેં સમાચાર સંભળાવતા મારી માતા ખૂબ જ હરખમાં આવી ગયા હતા. જે દરમિયાન તેમને ચક્કર આવતા મેં તાત્કાલિક મારા પિતા નરેન્દ્રસિંહ ઝાલાને ફોન કર્યો હતો.

તેણે વધુમાં જણાવ્યુ કે, મારા પિતા આવ્યા બાદ પહેલા જ સારવાર માટે હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. મારી માતાને પ્રથમ ઈમર્જન્સી વોર્ડમાં અને ત્યારબાદ આઈસીયુમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ ગણતરીની જ મિનિટોમાં જ મારી માતાએ દમ તોડી દીધો હતો. મારા પરિણામથી મારા માતા સૌથી વધુ ખુશ દેખાતા હતા. ધોરણ ૧૨ પાસ કર્યા બાદ હું બીબીએ અને ત્યારબાદ એમબીએ કરવા માંગુ છું. રુદ્રરાજસિંહ ઝાલાના પિતા રાજકોટ શહેરમાં ઈલેક્ટ્રીક આઈટમ્સનો શોરૂમ ધરાવે છે. હોસ્પિટલમાં શિલ્પાબા ઝાલાનું મૃત્યું થતા તાત્કાલિક અસરથી માલવિયા નગર પોલીસનો કાફલો પણ હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. ત્યારબાદ જ જરૂરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# ૨૧૪ કરોડના ડ્રગ્સ સાથે નાઈજીરીયન ઝડપાયો

## પાકિસ્તાનથી હેરોઈનનો જથ્થો દિલ્હી પહોંચે તે પહેલા જ એટીએસ દ્વારા જપ્ત કરાયો

અમદાવાદ, તા.૧૩

ફરી એકવાર ગુજરાતમાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો પકડાયો છે. ગુજરાત એટીએસ, દ્વઝ્રમ્ દિલ્હી અને સુરત ક્રાઈમ બ્રાન્ચના સંયુક્ત ઓપરેશનમાં ડ્રગ્સ ઝડપી પાડવામાં આવ્યું છે. પાકિસ્તાનથી આવેલા ડ્રગ્સના જથ્થાને ઝડપી લેવામાં ગુજરાત એટીએસને સફળતા હાથ લાગી છે. આંતરરાષ્ટ્રિય માર્કેટમાં ડ્રગ્સની કિંમત ૨૧૪ કરોડ આંકવામાં આવી છે. આ ડ્રગ્સ પાકિસ્તાનના કરાંચીથી આવેલું હોવાનું અને તે દિલ્હી પહોંચે તે પહેલા રાજકોટના ગ્રામ્ય વિસ્તારમાંથી ઝડપી લેવામાં આવ્યું છે. ડ્રગ્સના આ રેકેટમાં સંકળાયેલા એક નાઈજીરીયન શખ્સની ધરપકડ કરવામાં આવી છે. કેવી રીતે આ સફળ ઓપરેશન ગુજરાત છ્જીએ પાર પાડ્યું તે જોઈએ.

એટીએસના સકંજામાં આવેલા આ નાઈજીરીયન શખ્સને દિલ્હીથી ઝડપી લેવામાં એટીએસને સફળતા મળી છે. સુરત ક્રાઈમ બ્રાન્ચ અને ગુજરાત એટીએસ અને દ્વઝ્રમ્ના ઓપરેશનમાં રાજકોટમાંથી મોટા પ્રમાણમાં ડ્રગ્સના નશીલા પદાર્શનો જથ્થો ઝડપાયો છે. જાફર નામના ઈસમે રાજકોટથી જામનગર તરફ જવાના રોડ ઉપર આવેલા ન્યારા ગામ તરફ જવાના કાચા રસ્તા પાસે ઝાડી ઝાંખરામાં સંતાડેલો હતો. આ અંગે ગુજરાત છ્જીના એસપી સુનીલ જોશી જણાવે છે કે, ૨૧૪ કરોડની કિંમતનો ૩૦.૬૬ કિલો ગ્રામ ડ્રગ્સનો જથ્થો પકડવામાં આવ્યો છે. સુરત ક્રાઈમ બ્રાન્ચનાના એસીપી રોજીયાને બાતમી મળી હતી કે, કરાચીનો ડ્રગ ડિલર હાજી અનવર નામના શખ્સે દરિયાકાંઠે એક માલ ઉતાર્યો છે. આ માલ રાજકોટના નાયરા ગામ પાસે સંદાડીને રાખિયો છે. જે બબલું નામનો માણસ દિલ્લી એક નાઈજીરીયનને આપવાનો છે. જ્યાં સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવેલ, જે દરમિયાન ચેક ડેમની પાળી પાસે એક શંકાસ્પદ સફેદ મીણીયાનો મોટો કોથળો મળી આવેલા. ત્રણ મીણીયાના નાના થેલામાંથી જેમાં કુલ ૩૧ પ્લાસ્ટીકના પેકેટ્સ મળી આવેલા છે.

આ પ્લાસ્ટીકના પેકેટ્સમાં પાઉડર જેવો શંકાસ્પદ પદાર્થ હોવાનું જણાતા તેનું સ્થળ ઉપર નાર્કોટિક્સ ડ્રગ્સ ડીટેક્ટશન કિટની મદદથી પ્રાથમિક પરીક્ષણ કરતા મળી આવેલ શંકાસ્પદ પદાર્થ હેરોઈન હોવાનું સામે આવ્યુ. આ હેરોઈનના જથ્થાની ડીલીવરી ઓકોયે નામના નાઈજીરીયન ઈસમને આનંદ વિહાર, ઉત્તમ નગર, નવી દિલ્હી ખાતે થવાની હતી. જયાં તપાસ કરતા આરોપી ઓકોર્યને ઝડપી પાડવામાં આવ્યો હતો.

ઝડપાયેલ આરોપીના ઘરની તપાસ કરતા સર્ચ દરમ્યાન પાસપોર્ટના કેટલાક ડોક્યુમેન્ટસની ઝેરોક્ષ મળી આવેલ છે, જેની ખરાઈ કરતા તે ખોટા હોવાનું જાણવા મળેલ છે. તેમજ ઓકોયે ૨૮ વર્ષ તથા કાયમી સરનામું લાગોસ સીટી, ઓસોડી, ૨૪ સ્ટ્રીટ. બેલે, નાઈજીરીયા છે. હાલમાં તે આનંદ વિહાર, ઉત્તમ નગર, નવી દિલ્હી ખાતે ઓકોયે નામની ખોટી ઓળખ આપી ભાડેથી રહે છે. આ ઉપરાંત સર્ચ દરમ્યાન ઓકોયે પાસેથી મોબાઈલ ફોન મળી આવેલ છે, જેની તપાસ કરતા જાણવા મળેલ છે કે, તે પાકિસ્તાની હેન્ડલર સાથે સંપર્કમાં છે.

# ગુજરાતના ડીવાયએસપીના ગુમ પુત્રની કેનેડામાં લાશ મળી

## કેનેડામાં વધુ એક ગુજરાતી યુવકનાં મોતથી ચકચાર : સીદસરનો આયુષ રમેશભાઇ ડાખરા કેનેડાના ટોરેન્ટોમાં અભ્યાસ કરતો હતો, આ યુવાન પાંચમી મેથી ગુમ હતો

ભાવનગર, તા.૧૩

કેનેડામાં વધુ એક ગુજરાતી યુવાનનું મોત નીપજ્યુ છે. ભાવનગરના સિદસર ગામના પટેલ પરિવારના દીકરાની કેનેડામાંથી લાશ મળી આવી છે. સીદસર ગામનો આયુષ રમેશભાઈ ડાખરા કેનેડાના ટોરેન્ટો શહેરમાં અભ્યાસ કરતો હતો. આ યુવાન પાંચમી મેથી ગુમ થયો હતો. જેનો મૃતદેહ મળી આવ્યો છે.

આ મૃતક યુવાન ડીવાયએસપી રમેશભાઈ ડાખરાનો પુત્ર છે.

આ યુવાન ટોરેન્ટો શહેરમાં આવેલી યોર્ક યુનિવર્સિટીમાં અભ્યાસ માટે ગયો હતો. હાલ આ દુખદ સમાચારને કારણે પરિવારમાં દુખનો માહોલ છવાયો છે.

થોડા દિવસો પહેલા પણ કેનેડાથી ઘણાં જ દુખદ સમાચાર સામે આવ્યા હતા. ગેરકાયદેસર અમેરિકામાં ઘૂસવાનો પ્રયાસ કરવાની વધુ એક ઘટનામાં કુલ ૮ લોકોના મોતની ખબર આવી હતી. જેમાં ૪ લોકો ગુજરાતના હતા. સેન્ટ લોરેન્સ નદી પાર કરતી વખતે બોટ પલટી જતા દુર્ઘટના સર્જાઈ હતી જેના કારણે તેમાં સવાર લોકોના મોત થયા હતા. મૃતક પરિવાર મૂળ મહેસાણાનો હતો. બોટ પલટીની વિગતો મળ્યા બાદ રેસ્ક્યુ ટીમ દ્વારા તપાસ કરવામાં આવી હતી અને જે દરમિયાન નદીમાંથી મૃતદેહો મળી આવ્યા હતા. આ મૃતકોમાં મહેસાણાના ચૌધરી પરિવારનો સમાવેશ થાય છે.

## દ્વારકાધીશની નગરી દ્વારકા પણ બની શકે છે સોલાર સંચાલિત તીર્થસ્થાન

રાજકોટ, તા.૧૩

મોઢેરા બાદ, PGVCLનો પ્લાન બરાબર ચાલ્યો તો દ્વારકા સોલાર પાવરથી ચાલતું ગુજરાતનું બીજું શહેર બની શકે છે. આ ડિસકોમે (વીજ પુરવઠો પૂરી પાડતી કંપની) શહેરમાં સોલાર પાવરમાંથી કેટલા યુનિટ ઉત્પન્ન કરી શકાય તેનું મૂલ્યાંકન શરૂ કર્યું છે. મોઢેરા, જે સૂર્યમંદિર માટે પ્રખ્યાત છે, તેને ઓક્ટોબર ૨૦૨૨માં દેશનું પ્રથમ ૨૪૮૭ સોલર પાવરથી ચાલતું ગામ જાહેર કરવામાં આવ્યું હતું. પાસે આવેલા શિવરાજપુર બીચને બ્લૂ ફ્લેગ સર્ટિફિકેશન અપાયું તે બાદ દ્વારકા ગુજરાતમાં પ્રવાસીઓનું આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. આ મંદિરની મુલાકાત લેતા પ્રવાસીઓની સંખ્યામાં પણ જબરદસ્ત વધારો નોંધાયો છે. દ્વારકામાં ઓછામાં ઓછી ૨૦૦ હોટેલ અને ધર્મશાળા છે, જે ત્યાં આવતા પ્રવાસીઓને રહેવાની સગવડ પૂરી પાડે છે.

## બિનઉપયોગી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નથી. પાટનગર યોજના વિભાગ પાસે આવી માહિતી જિલ્લા તંત્ર દ્વારા માગવામાં આવી તેને પણ સમય પસાર થઈ ગયો છે. બીજી બાજુ લાંબા સમયથી બિનઉપયોગી દુકાનોના રીનોવેશન માટે પણ મોટો ખર્ચ કરવો પડે તેવી નોબત આવી છે જયારે લાંબા સમયથી સેકટરમાં સ્થિત આ દુકાનો કોઈને ઉપયોગી પણ થતી નથી.

## હીટવેવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ડીગ્રીએ પહોંચી જતા સિઝનનો સૌથી ગરમ દિવસ પુરવાર થયો હતો. છેલ્લા એક સપ્તાહથી ગાંધીનગર અસહ્ય ગરમી પ્રકોપની ગિરફતમાં છે. બપોર થતા જ આકાશમાંથી આગ વરસતા ચામડીના દાહ થાય તેવી ગરમીથી બચવા માટે નગરજનો ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા નથી આજે રજાના દિવસે ગરમીનો પારો પણ સાતમા આસમાને રહેતા શહેરમાં દિવસ દરમિયાન સન્નાટો છવાયેલો રહ્યો હતો.

શહેરના સેકટરોની શેરીઓમાં તેમજ શોપિંગ બજારોમાં પણ દિવસ દરમિયાન સુનકાર પ્રવર્તયો હતો. જયારે બપોર બાદ પણ મોડી સાંજ સુધી ગરમીની અસર યથાવત રહેતા રાત્રિના સમયે થોડી રાહત થઈ હતી વધતા ગરમી પ્રકોપ વચ્ચે સેકટરોના ઘરોમાં આખો દિવસ એ સી અને એરકુલર ધમધમતા રહ્યા હતા. નગરજનો હીટવેવની અસરથી બચવા માટે નાછુટકે બહાર નિકળવુ પડે તો કારમાં જવાનુ પસંદ કરે છે. જયારે ટુ વ્હીલર પર મોં પર બુકાની બાંધી અંગારા વરસાવતી ગરમીથી રક્ષણ મેળવવા અનેક પ્રકારના નુસ્ખા અજમાવે છે.

હવામાન વિભાગના સુત્રોના જણાંવ્યા મુજબ છેલ્લા ચાર પાંચ દિવસથી ગરમીનો કહેર યથાવત છે. જયારે રોજબરોજ ગરમીનુ પ્રમાણ વધી રહ્યુ છે આજે સિઝનની સૌથી વધુ ગરમી પડી હતી આકરી ગરમીમાં હીટવેવની અસરથી બચવા માટે વધુ પાણી અને પ્રવાહી પીવા માટે તબીબોએ સલાહ આપી છે. જયારે છેલ્લા કેટલાક સમયથી સતત આગ વરસાવતી ગરમીના લીધે નોકરીયાત વર્ગ પણ વિશેષ પ્રભાવિત છે. શાળા કાલેજોમાં વેકેશનનો માહાલો ચાલી રહ્યો છે.

ત્યારે ઓફિસમાં કામ કરતા કર્મચારીઓ અને કામ અર્થે આવતા મુલાકાતીઓ પણ ગરમીથી વિશેષ પરેશાન છે. જેના લીધે સરકારી કચેરીઓમાં મુલાકાતીઓની સંખ્યા પણ નહીંવત જોવા મળે છે. જયારે કર્મચારીગણ પણ હીટવેવથી તોબા છે.

## ટેસ્ટીંગ ડ્રાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં હાલ નર્મદા અને સ્થાનિક બોરવેલમાંથી પાણી મેળવી તેને મિશ્રિત કરી પેયજળનો પુરવઠો પુરો પાડવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર શહેરમાં પાણીની માંગમાં વધારો થતાં વધારે ૩ એમએલડી જથ્થો પણ નર્મદામાંથી વધારવામાં આવ્યો છે. ગાંધીનગર શહેરમાં પાણીના પ્રશ્નો વધ્યા જરૂર છે પરંતુ તંત્ર હાલ કોઈ ગંભીર સમસ્યા નહિ હોવાનું જણાવી રહેલ છે, પાણીનો જથ્થો પુરતા પ્રમાણમાં પુરો પાડવામાં આવી રહ્યો છે.

## પ્રચંડ વિજય

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભાજપને ૯૧, કોંગ્રેસને ૧૦૮ અને જેડીએસને ૨૨ તથા અન્યને ૩ બેઠકો મળવાના સંકેત હતા. કોંગ્રેસે બેંગલુરુની ૫ સ્ટાર હિલ્ટન હોટલમાં ૫૦ રૂમ બુક કરાવ્યા છે. વિજેતા ધારાસભ્યોને રાત્રે ૮ વાગ્યા સુધીમાં હોટલ પહોંચી જવા માટે કહેવામાં આવ્યું હતું. આવતીકાલે કોંગ્રેસ ધારાસભ્ય દળની બેઠક મળશે. કર્ણાટક ચૂંટણીમાં હાર બાદ સીએમ બસવરાજ બોમ્માઈનું નિવેદન આવ્યું છે. તેમણે કહ્યું કે હું પાર્ટીની હારની જવાબદારી લઉં છું. બોમ્માઈએ કહ્યું કે પાર્ટીની બેઠકમાં ચર્ચા કરવામાં આવશે કે શું તે અમારી વિરુદ્ધમાં ગયું છે. બોમ્માઈએ વધુમાં કહ્યું કે પાર્ટી હવે લોકસભા ચૂંટણીની તૈયારી શરૂ કરશે. શિગાંવ વિધાનસભા બેઠક પરથી પોતાની જીત પર બોમ્માઈએ કહ્યું, "મને ચોથી વખત જીત અપાવવા માટે શિગાંવના લોકોનો આભાર."

મલ્લિકાર્જુન ખડગેએ કોંગ્રેસ પાર્ટીને કોંગ્રેસમાં બહુમતી મળતી જોઈને પાર્ટી કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે આ કોંગ્રેસની જીત નથી, પરંતુ જનતાની જીત છે. કર્ણાટકમાં કોંગ્રેસ વલણમાં જીત બાદ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલે રાયપુરમાં મીઠાઈ વહેંચી હતી. તેમણે કહ્યું હતું કે આ ચૂંટણીમાં પીએમ મોદીને આગળ રાખીને વોટ માંગવામાં આવ્યા હતા. આ મોદીની હાર છે.